# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મ્યાનમારના રાષ્ટ્રપતિ વચ્ચે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય ચર્ચા.**
2. **10 રાજ્યોની ખાલી પડેલી 24 રાજ્યસભા બેઠકો માટે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ.**
3. **રાષ્ટ્રપતિએ સર્વોચ્ચ અદાલતમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂક કરી.**
4. **LPG સિલિન્ડરના 19 કિલોગ્રામવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડર અને 5 કિલોગ્રામવાળા છોટુ સિલિન્ડરના ભાવમાં વધારો**
5. **નવા 35 મત્રીઓના શપથ સાથે પશ્ચિમ બંગાળની સુવેન્દુ સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PRIME MINISTER MYANMAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઇંગ વચ્ચે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય ચર્ચા ચાલી રહી છે. બંને નેતાઓ ઐતિહાસિક સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે વાતચીત કરી રહ્યા છે. તેઓ વાટાઘાટો દરમિયાન સુરક્ષા અને જોડાણ સહિત મ્યાનમાર અને ભારત વચ્ચેના સંબંધો અંગે ચર્ચા કરશે.

મ્યાનમારના રાષ્ટ્રપતિ શનિવારે પાંચ દિવસની ભારત મુલાકાતે બિહારના ગયા પહોંચ્યા હતા. તેમની સાથે  કેબિનેટ મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને વ્યાપારી નેતાઓનો સમાવેશ કરતું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. તેઓ આવતીકાલે મુંબઈ જશે.

સાંભળીએ એક અહેવાલ..

(VC- ANUPAM)

# DAY. RS POLL NOTIFICATION

10 રાજ્યોની ખાલી પડેલી 24 રાજ્યસભા બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણી માટેનું જાહેરનામું આજે પ્રસિદ્ધ કરાયું. આંધ્રપ્રદેશ, ગુજરાત અને કર્ણાટકમાં ચાર-ચાર બેઠકો, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ત્રણ-ત્રણ બેઠકો, ઝારખંડમાં બે બેઠકો અને મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને મિઝોરમમાં એક-એક બેઠક માટે મતદાન થશે.

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી એચ.ડી. દેવગૌડા, કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપના નેતાઓ જ્યોર્જ કુરિયન અને રવનીત સિંહ, અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન કાર્યકાળ આ મહિને સમાપ્ત થઈ રહ્યો છે.

આ ઉપરાંત, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને ઓડિશામાં રાજ્યસભાની એક-એક બેઠકની પેટા ચૂંટણી માટે પણ આજે જાહેરનામું બહાર પડાયું. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સુનેત્રા અજિત પવાર અને તમિલનાડુના AIADMKના સાંસદ સી.વી. શનમુગમના રાજીનામાને કારણે આ બેઠકો ખાલી પડી હતી.

આજથી 8 જૂન સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે. 18 મી જૂને મતદાન થશે, અને મતગણતરી પણ તે જ દિવસે યોજાશે.

# FIVE NEW JUDGES

સર્વોચ્ચ અદાલતમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી. હવે ભારતના મુખ્ય ન્યાયાધીશ સહિત કુલ ન્યાયાધીશની સંખ્યા 37 થઈ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, કાયદા અને ન્યાયમંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું કે, રાષ્ટ્રપતિએ ભારતના મુખ્ય ન્યાયાધીશ સાથે ચર્ચા કર્યા બાદ સર્વોચ્ચ અદાલતમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂક કરી છે.

કાયદા મંત્રાલય દ્વારા જારી કરાયેલા સૂચનાઓ અનુસાર, પંજાબ અને હરિયાણા વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ શીલ નાગુ, બોમ્બે વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર, મધ્યપ્રદેશ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સંજીવ સચદેવ અને જમ્મુ કાશ્મીર અને લદ્દાખ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ અરુણ પલ્લીને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે બઢતી આપવામાં આવી છે.

વરિષ્ઠ વકીલ વેંકિતા સુબ્રમણ્ય મોહનાને પણ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્રએ ગયા મહિને સર્વોચ્ચ અદાલતમાં મંજૂર સંખ્યા 33 થી વધારીને 37 ન્યાયાધીશો કરવા માટે કાયદામાં સુધારો કરતો વટહુકમ બહાર પાડ્યો હતો.

# LPG RATES

દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ફરી એકવાર વધારો કરવાની જાહેરાત કરી છે. જોકે, કિંમતમાં કરવામાં આવેલો આ વધારો માત્ર 19 કિલોગ્રામવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડર અને 5 કિલોગ્રામવાળા છોટુ સિલિન્ડર સુધી જ સીમિત છે.

ઘરગથ્થુ વપરાશમાં આવતા 14.2 કિલોગ્રામના એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ 19 કિલોગ્રામવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં 42 રૂપિયાથી લઈને 53.50 રૂપિયા સુધીનો વધારો કર્યો છે. સિલિન્ડરની નવી કિંમત આજથી જ લાગુ થઈ ગઈ છે.

અગાઉ 1 મેના રોજ કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં અંદાજે એક હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં આ વધારો 993 રૂપિયાનો હતો, જ્યારે કોલકાતામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત 998.50 રૂપિયા થઈ ગઈ હતી.

આવી જ રીતે મુંબઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં 993 રૂપિયાનો વધારો થયો હતો. તો ચેન્નઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર 990.50 રૂપિયા મોંઘો થયો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# WB-CABINET EXPANSION

કોલકાતાના લોકભવન ખાતે આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં આજે પશ્ચિમ બંગાળના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ આર.એન. રવિએ મંત્રી પરિષદના નવા 35 સભ્યોને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

નવા મંત્રીઓ રાજ્યના વિવિધ પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે અને તેમાં અનુભવી ધારાસભ્યો પહેલી વાર મંત્રી બન્યા છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી વરિષ્ઠ રાજકીય નેતાઓ સાથે સમારોહમાં હાજર રહ્યા હતા. નવા મંત્રીઓમાં વિભાગોની ફાળવણી બાદમાં જાહેર થશે.

આજે કેબિનેટ મંત્રી તરીકે શપથ લેનારા સભ્યોમાં સ્વપ્ન દાસગુપ્તા, અર્જુન સિંહ, તાપસ રોય, શંકર ઘોષ અને અન્યનો સમાવેશ થાય છે.

# INDIA OMAN-CEPA

ભારત-ઓમાન વ્યાપક આર્થિક ભાગીદારી કરાર, સીઇપીએ આજથી અમલમાં આવ્યો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોએલે જણાવ્યું કે સીઇપીએ બંને દેશો વચ્ચેના આર્થિક અને વ્યૂહાત્મક સંબંધોને વધુ ગાઢ બનાવશે.

શ્રી ગોયલે જણાવ્યું કે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર ઓમાનમાં 98 ટકા ટેરિફ લાઇનને 100 ટકા ડ્યુટી-મુક્ત બજાર ઍક્સેસ આપે છે જે 99.38 ટકા નિકાસને આવરી લે છે. તેમણે જણાવ્યું હતું કે ઓમાનમાં હાલમાં 5 ટકા આયાત ડ્યુટીનો સામનો કરી રહેલો ભારતમાંથી આવતો માલ વધુ સ્પર્ધાત્મક બનશે.

# PM SVANIDHI SCHEME

પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાને આજે છ વર્ષ પૂર્ણ થયા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે આ યોજના વિશ્વાસ, ગૌરવ અને સશક્તિકરણ વિશે છે. તેમણે લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે તેમનો દૃઢ નિશ્ચય અને સાહસ રાષ્ટ્રના અર્થતંત્રને મજબૂત બનાવે છે.

વર્ષ 2020 માં આ યોજનાની શરૂઆત થઈ ત્યારથી, એક કરોડ 12 લાખથી વધુ લોનનું વિતરણ કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી સ્વનિધિએ છેલ્લા છ વર્ષમાં લાખો શેરી વિક્રેતાઓને સરળ ધિરાણ મેળવવા અને ટકાઉ આજીવિકા મેળવવા સક્ષમ બનાવ્યા છે. આ યોજના માર્ચ 2030 સુધી લંબાવવામાં આવી છે.

# US- IRAN-KUWAIT STRIKES

અમેરિકા અને ઈરાન વચ્ચે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સામુદ્રધુની નજીક લશ્કરી હુમલાઓ થઈ રહ્યા છે. અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે તેણે ગોરુક અને કેશમ ટાપુ પર સ્વ-બચાવ હુમલાઓ કર્યા છે, અને કહ્યું છે કે આ કાર્યવાહી ઈરાન દ્વારા આંતરરાષ્ટ્રીય જળસીમા પર કાર્યરત અમેરિકન MQ-9 ડ્રોનને તોડી પાડવાના જવાબમાં કરાઇ હતી. દરમિયાન કુવૈતની સેનાએ આજે તેના હવાઈ સંરક્ષણ દળો મિસાઇલ અને ડ્રોન હુમલાનો સામનો કરી રહ્યા હોવાનુ જણાવ્યું છે. જો કે કુવૈત પર થયેલા હુમલાની જવાબદારી કોઈ જૂથે લીધી નથી, અને જાનહાનિ કે નુકસાન અંગે કોઈ માહિતી નથી.

**(V/C MUKESH VINOD DUBAI)**

# DAY-FOOTBALL-SAFF

ભારતે મહિલા SAFF ફૂટબોલ ચેમ્પિયનશિપની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. ભારતીય ટીમે બાંગ્લાદેશને 3-0થી હરાવીને ચેમ્પિયનશિપના ગ્રુપ B માં ટોચનું સ્થાન મેળવ્યું હતું. પ્યારી ઝાક્સા, લિન્ડા કોમ અને માલવિકા પી એ એક-એક ગોલ કર્યો હતો.

હવે ભારતીય ટીમ બુધવારે સેમિફાઇનલમાં ગ્રુપ A ના રનર્સ-અપ ભૂટાન સામે રમશે. બાંગ્લાદેશનો મુકાબલો ગ્રુપ A ના વિજેતા નેપાળ સામે થશે.